પૂર્વછાયો- વળી વખાણું વડોદરે, હરિજન મનનું હેત ।
ભાવે ભક્તિ ભલી કરે, સોંપી તન મન ધન સમેત ॥૧॥
જોયે ન મળે જકતમાં, એહ જેવા જન એક ।
પ્રીત્ય જેની પ્રગટ પ્રભુમાં, ગ્રહિ ન મૂકે ટેક ॥૨॥
એવા જન અનેક છે, જેના પૂર્યા હરિએ લાડ ।
તેની કીર્તિ લખવા, મારા ચિત્તમાં ઘણી ચાડ ॥૩॥
બ્રાહ્મણ નાગરી નાત્યમાં, એક મોંઘિબાઈ હરિજન ।
અચળમતિ મહારાજમાં, કરે ભાવે સહિત ભજન ॥૪॥

ચોપાઇ- ભજે ભાવે ભરી ભગવાન, સમજે હરિને સામર્થીવાન ।
થાય સમાધિ દેખે શ્રીહરિ, અતિ સુખી રહે સુખે કરી ॥૫॥
એક દિવસે ધારણામાંઇ, ગઇ હરિ હતા પોત્યે ત્યાંઇ ।
કર્યું દર્શન દયાળુતણું, તેણે આવ્યું છે આનંદ ઘણું ॥૬॥
પછી મોંઘિબાઇ કહે મહારાજ, તમે નાથ છો રાજાધિરાજ ।
સર્વે અવતાર તમેજ ધર્યા, જુગોજુગમાં જન ઉધાર્યા ॥૭॥
કેવો લીધો કૃષ્ણ અવતાર, કેવાં ધાર્યાતાં આયુધ ચાર ।
વળી અષ્ટ પટરાણી જેહ, જેના સુત સુભગ છે તેહ ॥૮॥
એહ સહિત ઇચ્છું દર્શન, દિયો હે પ્રભુ થઈ પ્રસન્ન ।
પછી હસી બોલ્યા હરિરાય, જોઇ જનમન અભિપ્રાય ॥૯॥

ધર્યું કૃષ્ણરૂપ સુખખાણી, સંગે શોભે અષ્ટ પટરાણી ।
શંખ ચક્ર ગદા પદ્મ ધરી, શોભે સુતસહિત શ્રીહરિ ॥૧૦॥
એવાં દીધાં આવીને દર્શન, જોઈ જન થયાં છે મગન ।
દઈ દર્શન પધાર્યા નાથ, નિર્ખિ થકિત થયો સૌ સાથ ॥૧૧॥
કહે આશ્ચર્ય વાત આતો, થયો પરચો કહ્યો નથી જાતો ।
વળી એક બીજી એની વાત, સહુ સાંભળજ્યો તે સાક્ષાત ॥૧૨॥
કર્યો મહારાજને કાજે થાળ, આવી જમિયા દીનદયાળ ।
જમ્યા પેંડા પતાસાં ને પાક, વડાં ભજીયાં સુંદર શાક ॥૧૩॥
જમી અર્ધ વદું આપ્યું નાથે, લીધું મોંઘિબાયે હાથોહાથે ।
આપી પ્રસાદી વેંચીને તેની, વળી વાત કહું બીજી એની ॥૧૪॥
બીજે દિવસે બદ્રિનાં ફળ, જેનાં ઝીણાં બીજ જાડાં દળ ।
તે આપ્યાં છે પોશભરી પોત્યે, એવાં બીજાં મળે નહિ ગોત્યે ॥૧૫॥
એમ પર્ચા અપરમપાર, આપે વાલોજી વારમવાર ।
હરિજનમાં મોટેરાં મુખી, અતિ અલૌકિ સુખમાં સુખી ॥૧૬॥
તેને ઘેર બાઈયો હરિજન, નિત્યે સુણે કથા કીરતન ।
બેસે સભા બાઈયોની મંડળી, કરે વાત પ્રકટની વળી ॥૧૭॥
હૈયે પ્રીત્ય હરિમાંહિ ઘણી, શું કહીએ મોટ્યપ બાઈયોતણી ।
તેને એક દિવસ મોઝાર, થઈ પુષ્પની વૃષ્ટિ અપાર ॥૧૮॥
તે સત્સંગી કુસંગી મળી, સૌએ વિણી લીધાં તેહ વળી ।
એમ થયું દિન દોય ચાર, એહાદિ નહિ પર્ચાનો પાર ॥૧૯॥
એવા પરચા થાય અનંત, કહેતાં લખતાં ન આવે અંત ।
વળી એક કહું બીજી વાત, સામર્થી શ્રીહરિની સાક્ષાત ॥૨૦॥
એક અંબાબાઈ છે દક્ષણી, કરે ભક્તિ પ્રભુજીની ઘણી ।
તેના દેહનો આવિયો અંત, આવ્યા તેડવા શ્રી ભગવંત ॥૨૧॥
લાવ્યા વિમાન તે લાખો લેખે, ચાલ્યા તેડી જન સહુ દેખે ।
સતસંગી કુસંગી સહુને, થયાં દર્શન જન બહુને ॥૨૨॥
ત્યાર પછી એહ અંબાબાઈ, દીઠા જને તે સમાધિમાંઈ ।

તે સાથે એમ મોકલ્યું કઈ, એક એંધાણી સુંદર દઈ ॥૨૩॥
શ્યામ સાડી પટારામાં મેલી, તે છે બીજી બાઈને આપેલી ।
એ વાત સર્વે સાચી જો થાય, તો તમે સંશે કરશો માં કાંય ॥૨૪॥
તે કહ્યું આવી સમાધિવાને, માન્યું સત્ય સુણી સર્વે કાને ।
જેજે વાત મોકલીતી કઈ, તેતે સરવે સાચી જ થઈ ॥૨૫॥
જોઈ આશ્ચર્ય પામિયાં જન, સહુ કહેવા લાગ્યાં ધન્યધન્ય ।
વળી વાત અનુપમ એક, કહું સામર્થી હરિની વિશેક ॥૨૬॥
એક હરિજન દ્વિજમાંઈ, તેનું નામ છે જમુનાબાઈ ।
હરિભક્ત અતિ હેતવાન, ધરે પ્રકટ પ્રભુનું ધ્યાન ॥૨૭॥
તેનું હેત જોઈને દયાળ, નિત્યે જમે ભોજનનો થાળ ।
સારાં પહેરી પીતાંબર શ્યામ, દિયે દર્શન સુખના ધામ ॥૨૮॥
વળી ભૂત ભવિષ્યનું ભાખે, હોય થાવાનું તે કહિ દાખે ।
થાય સાચું એ સર્વે જ જ્યારે, પામે આશ્ચર્ય સહુ જન ત્યારે ॥૨૯॥
એમ જમુનાબાઈને ઘેર, આવે નિત્ય હરિ કરી મહેર ।
એક સોની બાઈ હરિજન, નામ પારવતી તે પાવન ॥૩૦॥
જેને હેત અતિ હરિમાંઈ, બીજે પ્રીત્ય જેને નહિ કયાંઈ ।
તેના ઘરમાં કુસંગ ઘણો, કરે દ્વેષ સહુ બાઈતણો ॥૩૧॥
સતસંગમાં જાવા ન આપે, કહી વાંકાં વચન સંતાપે ।
સુણી સર્વે બોલે નહિ બાઈ, કરે ભજન બેઠી ઘરમાંઈ ॥૩૨॥
તેની પ્રીત્યે તાણ્યા ભગવાન, દિયે નિત્યે તે દર્શનદાન ।
જમે થાળ દયાળ આવીને, દિયે પ્રસાદી સારી લાવીને ॥૩૩॥
કોઈ દિવસ એવો ન જાય, જે નાવે નાથજી ઘરમાંય ।
એમ પાર્વતી બાઈને ઘેર, નિત્ય કરે હરિ લીલાલેર ॥૩૪॥
એમ લાડ પાળે હરિજનનાં, કરે ગમતાં કાજ જનમનનાં ।
એમ પર્ચો આપે અવિનાશ, ધન્ય હરિજન હરિદાસ ॥૩૫॥
વળી એક દિન આવ્યા હરિ, તેને જમાડ્યા ભજીયાં કરી ।
અતિપ્રેમમાં ટેવ ન રહી, આપ્યાં ભજીયાં કાચેરાં લહી ॥૩૬॥

જમી પધાર્યા જગજીવન, બાઈ મોંઘિબાઈને ભવન ।
કહે આજ પારવતી હાથ, કાચાં ભજીયાં જમ્યા કહે નાથ ॥૩૭॥
એવી વાત અલૌકિક જેહ, જાણી જન મગન રહે તેહ ।
સર્વે જાણો પ્રકટ પ્રમાણ, રખે સ્વપ્ન સમજો સુજાણ ॥૩૮॥
વળી એક તંબોળી તે માંઈ,નામ તેનું છે જમુનાંબાઈ ।
તેને ધારણા થાય હંમેશ, કરે પ્રભુ પાસે તે પ્રવેશ ॥૩૯॥
સમાધિમાં કરે હરિસેવા, નિત્ય જમાડે મિઠાઈ મેવા ।
તેની વાત જાણી જન બીજે, સુણી પામીયાં ન પરતિજે ॥૪૦॥
કહે એ વાત સર્વે છે ખોટી, મુખસ્વાદની કરો છો મોટી ।
જ્યારે નજરે દેખીયે અમે, ત્યારે માનીયે જે કહો તમે ॥૪૧॥
કરો તમારે ઘેર ભોજન, ભાણે બેસી જમે ભગવાન ।
જેજે ભોજન ધરીયે થાળે, થાય ઓછું તેમાં તેહ કાળે ॥૪૨॥
તે અમારી આંખ્યે જો દેખીયે, તો સહુ વારતા સાચી લેખીયે ।
એવું સુણી હરિજન બાઈ, કર્યો થાળ પોત્યે ઘરમાંઈ ॥૪૩॥
થયો સુંદર થાળ તૈયાર, પ્રીત્યે જમિયા પ્રાણઆધાર ।
જમી પધાર્યા જીવન જ્યારે, ફુલહાર દેતાગયા ત્યારે ॥૪૪॥
જેજે ભોજને ભર્યોતો થાળ, થયું અર્ધું જમિયા દયાળ ।
દિઠો ફુલનો પ્રકટ હાર, જોઈ થકિત થયાં નરનાર ॥૪૫॥
કહે વાત આ સરવે સાચી, જાણો સત્ય નથી કાંઈ કાચી ।
જોને હાર સારૂ નરસઈ, કર્યા કાલા વાલા જને કઈ ॥૪૬॥
એવા હજારો આપે છે હાર, વાલો ભક્તને વારમવાર ।
આજ વાવરે છે જે સામર્થી, એવી કોઈદિ વાવરી નથી ॥૪૭॥
ધન્યધન્ય આજનો પ્રતાપ, કવિ કોડચે થાય નહિ થાપ ।
વળી કરી છે જનની સાય, તે નિષ્કુળાનંદે ન લખાય ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજેહરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને અડતાળિશમું પ્રકરણમ્ ॥૧૪૮॥